Knowledge Consortium of Gujarat
Department of Higher Education - Government of Gujarat
Journal of Humanity - ISSN : 2279-0233
Continuous Issue -35 | July – September 2018

## નારીના જીવનરસને વર્ણન કરતી ટૂંકીવાર્તા - "કાંચળી"

ગુજરાતી સાહિત્યમાં મણિલાલ હ. પટેલ નવલકથાકાર, વાર્તાકાર, નિબંધકાર, કવિ, વિવેચક, અનુવાદક અને સંપાદન – આમ, અનેક રીતે વિસ્તરેલા સર્જક-વિવેચક છે. ગુજરાતી સાહિત્યમાં તેમની પાસેથી "રાતવાસો" અને હિન્દીમાં "માટી બોલે" વાર્તાસંગ્રહ મળે છે.

"રાતવાસો" વાર્તાસંગ્રહમાં એકવીસ ટૂંકીવાર્તાનો સમાવેશ કરવામાં આવ્યો છે. આ સંગ્રહની પ્રસ્તાવના જોસેફ મેકવાને લખી છે. આ મણિલાલ પટેલની વાર્તાઓ વિષે સરસ નિરીક્ષણો આપ્યા છે. સાહિત્યએ સમાજનું દર્પણ છે ની પ્રતીતિ આ વાર્તા કરાવે છે. રાતવાસો વાર્તા સ્ત્રીની આંતરછબિને અભિવ્યક્ત કરે છે. સ્ત્રીને કુટુંબ, સમાજ, ધર્મ અને સંસ્કૃતિ ઊભા કરેલા નીતિ નિયમો, રીત રિવાજો વડે એક ઓળખ મળે છે. આ નીતિ નિયમ, રીત રિવાજોને સ્ત્રીઓએ પૂર્ણપણે વફાદાર બનીને રહેવાનુ હોય છે. ક્યારેક આ નીતિ-નિયમ, રીત-રિવાજો સામે સ્ત્રીએ ઝઝૂમવાનું થતું હોય છે. જે સ્ત્રીના જીવનને છિન્ન ભિન્ન કરી નાખે છે. અને સ્ત્રી નિર્જીવ બની જાય છે. જીવન રસથી અતૃપ્ત સ્ત્રીઓ પોતાના જીવનરસ દબાવી મૂકે છે. જે સામાની સાથે ક્યાટેક આકાર ધારણ કરી લે છે ત્યારે અનેક પ્રશ્નો ઉપસ્થિત થાય છે. આ ભાવને રજૂ કરતી આ કૃતિ -"કાંચળી".

"કાંચળી" ટૂંકીવાર્તાનું કેન્દ્ર નવાંબા છે. નવાંબનું ભાવ જગત છે. નવાંબા પત્ની અને માતા એમ બે સંદર્ભ માન્ય સીમાઓને પૂરી પ્રમાણિકતાથી નિભાવે છે. વ્યક્તિના બે જગત હોય છે. એક આંતરિક અને બાહ્ય જગત. બાહ્ય જગતમાં જે બને છે તે દરેક વ્યક્તિ જુવે છે, પણ આંતર જગતને કોઈ જોઈ શકતું નથી. અહી વાર્તાકાર આંતરિક જગતને જુવે છે અને એનું કલાત્મકતાથી વર્ણન કરે છે. ભારતીય સમાજમાં જાતિય ભાવને અભિવ્યક્ત કરતી કલાકૃતિનું સર્જન કરવું આજે પણ સરળ નથી. ગુજરાતી સાહિત્યમાં જાતિયભાવને કેન્દ્રમાં રાખીને કેટલાક વાર્તાકારોએ ટૂંકીવાર્તાનું સર્જન કર્યું છે. જેમ કે - "લતા શું બોલે ?" ગુલાબદાસ બ્રોકર, "વાની મારી કોયલ" ચુનીલાલ મડિયા , "ખિચડી" રામનારાયણ પાઠક કે "ખોલકી" સુંદરમની વાર્તાને યાદ કરી શકાય. આ ટૂંકીવાર્તાના સંદર્ભ જુદા છે, એ ધ્યાનમાં લેવું.

આ ટૂંકીવાર્તામાં સવારથી સવાર- નો સમય લેવામાં આવ્યો છે. એટલે કે ચોવીસ કલાકનો સમય આ વાર્તા રોકે છે. બીજી રીતે કહીએ તો જાતિયભાવની ઉત્તેજનાથી જાતિયભાવ તૃપ્તિની આ વાર્તાનું કથાનક છે.

"કાંચળી"- વાર્તાની નાયિકા નાહવા માટે નાવણિયામાં જાય છે, ત્યાંથી વાર્તાનો ઉઘાડ થાય છે. અહી એક ઘટના બને છે. પટેલની ભેંસને પાડા પાસે બાંધવામાં આવી છે. ત્યાંથી સિસોટીનો ઊચો નીચો અવાજ થાય છે. આ અવાજથી વાર્તાની નાયિકાના દેહમાં રણઝણી ઊઠે છે. આ અવાજ નાભીની પણછને તંગ કરતી મૂકે છે. અહી લેખક નાયિકાનું ચિત્ર મૂકે છે.

"ન્હાતા ન્હાતા અટકીને એ ખૂલી મોટી છાતીને સાસળા માફક હાંફતી જોઈ રહ્યાં. છત વગરના નાવણિયામાં તડકો પડતો હતો. તડકામાં રતુંબડી કાયા ચમકતી હતી. તેની મોટી ખુલ્લી છાતી સસલાની જેમ હાંફતી હતી. લાલહિંગળોક કાચની બંગડીઓથી ભર્યાભાદર્યા હાથ છાતી પર ચપોચપ ગોઠવાઈ ગયા.ડીલેથી નીતરતાં પાણી નાભીને ઠપઠપાવતા, દવ સળગાવતા નીચે ને નીચે ઊતરતા હતા." (1. રાતવાસો. લે. મણિલાલ પટેલ, પુ.નં. 52)

પટેલની ભેંસને પાડા પાસે બાંધવામાં આવી છે. અહી ગ્રામીણ પરિવેશને ખપમાં લેવામાં આવ્યો છે. આ ઘટનાને નિમિત્તે લેખક નાયિકાના આંતરજગતમાં જે ઉભરાય છે તેને અભિવ્યક્ત કરે છે. જેનું બારીકાઈથી લેખક નિરૂપણ કરે છે. નાયિકના મનમાં જાગેલ વિકાર નહીં પણ અતૃપ્ત ભાવ જાગ્રત થાય છે. અહી સર્જક ફ્લેશબેક પધ્ધતિનો વિનિયોગ કરે છે.

એક સમયે બાપુએ ભાલાની એનીએ સાપને વીંધી નાખી હતી. એવો ભાવ આજે નાયિકના દેહમાં જાગે છે. લેખક સૂચકપણે સંકેતોનો ઉપયોગ કરે છે. અને ધાર્યું નિશાન પાર પાડે છે. સાપએ વાસનાનું પ્રતિક છે. અને ભાલો એ વાસણને તૃપ્ત કરનાર સાધન છે. નાયિકા લગ્ન કરીને આવી ત્યારે એને પત્ની સુખ પ્રાપ્ત થયું હતું. ત્યાર પછીના વર્ષોમાં શું થયું ? શા માટે આજે નાયિકાને દેહના ભાવ જગ્યા ? એટલે લેખક અહી ફ્લેશબેક પધ્ધતિનો વિનિયોગ કરીને કથાનકને અસરકારક બનાવે છે. બાપુને લકવો થયો હતો. અને બાપુ લાકડીના ટેકે ચાલતા થયા. ઉમર પણ સાઠ થઈ ગઈ હતી. બીજી બાજુ નવાંબા વીસ વર્ષની ઉમરે લગ્ન કરી આવી હતી. આજે એ ચાલીસની થઈ હતી. ઉચિત કારણ મૂકીને વાર્તાકાર આગળ બનારી ઘટનાની ભૂમિકા તૈયાર કરે છે. અહી લેખક ઇંગિત મૂકીને કથાના પ્રવાહને ગતિ આપે છે. વર્ષો પહેલા જાતિય સુખ મળ્યું હતું. પણ આજે નથી, એ દુ:ખ અહી છલકાય છે. નવાંબા બાપુની બીજી પત્ની હતી. પહેલી પત્નીને ચાર દીકરી હતી. બાપુએ માટે વારસ (પુત્ર) માટે બીજા લગ્ન કર્યા હતા. લગ્નના થોડાક જ સમયમાં બાપુની પ્રથમ પત્નીને પેટની બીમારીથી મૃત્યુ પામી. પરિણામે ઘર અને ચાર દીકરીની જવાબદારી નવાંબાના માથા પર પડી. નવાંબા ઘરકામમાં એવા પરોવાઈ ગયા કે સ્વસુખ કે શારીરિક સુખ તરફ ધ્યાન ના રહ્યું. અહી નોંધવું જોઈએ કે અપર માતા હોવા છતાય એ માતાની ફરજને પૂર્ણ પણે નિભાવે છે. લીમડા જેવી, જોનાર જીરવી ન શકે તેવી, વડખાતા સાપ જેવી છતાય એ પત્ની અને માતાનો ધર્મ નિભાવે છે. પોતાના સુખને

ધ્યાનમાં લેતી નથી. એટલે એનો પણ ખોડો ભરાયો નથી. લેખકની ભાષામાં કહીએ તો પલાણ્યા વિનાની ઘોડી જેવી હતી. કેટલીકવાર એ જાતિય અભાવની વેદનામાંથી પસાર થઈ છે, એનો ઉલેખ વાર્તાકાર કરે છે.

હવે વાર્તાકાર બાપુ અને સબૂર વચ્ચે વાર્તાલાપ કરાવે છે. બાપુ કહે છે કે – “કોઈ જનાવર અહી આવે છે”. ત્યારે સબૂર કહે છે કે – “બાપુ જનાવર આપનું ક્યાં કશું બગાડે છે. ઉંદર ખાઈને જતાં રહે ...અને ગરમી પણ કેવી છે જાનવરને તો અંદરની ગરમી ને બહારની પણ ગરમી.” અહી દ્વિઅર્થી સંવાદ મૂકયો છે. બાપુ જે જાનવરની વાત કરે છે એ અને જે સ્થળ પર રહે છે - એ બંનેને લાગુ પડે છે. તો સબૂરનો જવાબ પણ દ્વિઅર્થી છે. અહી આભલા ભરેલી કાંચડી દોરી પર સુકાવા નાખેલી છે. આ સંકેત વાર્તાન્તે નવો અર્થ આપે છે.

હવે વાર્તાકાર બાપુના વૈભવ અને બાપુનો વટનું વર્ણન કરે છે. બાપુના નવા પત્ની દીકરીઓને સાચવે છે. બાપુ પણ પત્નીની વાતને માને છે. પત્ની પણ પતિ સાથે દારૂ પીવે છે. બાપુના વટને કારણે જર જવેરાત ખેતર ગુમાવતા ગયા અને આજે તો નામ માત્રના બાપુ રહી ગયા હતા. નવાંબાથી આ જીરવાતું ન હતું. પણ ભારતીય નારી કહો કે ક્ષત્રિય નારી .... પીડા તો અંતે નારીની જ છે.

નારીના આંતરીકભાવોને અભિવ્યક્ત કરવા માટે નાના પ્રસંગને લેખક આલેખે છે. ઘોડીને ઋતુકાળ આવે એ બનાવને નિમિત્તે નવાંબાની મનોવ્યથાને યથાર્થપણે મૂકી આપે છે. ઘોડીને તો સબૂર તળાવે મૂકી આવતો અને બીજે દિવસે ઘોડી શાંત થઈ જતી હતી, પણ નવાંબા ? આ પ્રશ્ન વેધક બને છે. નવાંબાના શબ્દો જુવો.....

“ જાનવરને ય વખતે છોડવામાં આવે છે. “ - પૂ.58 અહી નાઈકની જીવન પીડા વ્યક્ત થાય છે.

“હાય છાપું ફેકીને એ ચાલ્યો ગયો. મારી આંખો એના પગની પથ્થર – શી પિંડીઓને ચોંટી પડીને ટંગાતિ ટંગાતિ ક્યાં લાગી ચાલી ગઈ ?” - ગુજરાતી વાર્તા સંચય,ભાગ-૧,સં. શિરીષ પંચાલ, જયંત પારેખ ,પૂ.નં.૭૨

અહી વાર્તાની નાયિકાના અતૃપ્ત જીવનરસને મેધાણીએ કલાત્મકપણે વ્યક્ત કર્યો છે. વાર્તાની નાયિકાના આંતરજગતમાં જે અનુભવાય છે એને આકાર તો આપ્યો છે,પણ એ પત્ની ધર્મમાથી ચલિત થતી નથી.

ગિરિમાં ધારેખાનની ટૂંકીવાર્તા “ટુકડો” ને યાદ કરી શકાય. અપંગ પુત્રને કારણે પતિએ ત્યજી દીધેલી નારીના જીવનરસથી અતૃપ્ત છે. પરપુરુષ સાથેની નિકટતાને પરિણામે એ જીવનરસ માણવાની જ હતી ત્યાં બાજુના રૂમમાંથી પલંગ પરથી પુત્ર પડી જાય છે અને નાયિકા જીવનરસને છોડીને પુત્ર પાસે દોડી જાય છે. તથાપિ પૂ. 73.

નવાંબાના મનમાં છુપાઈ રહેલી અતૃપ્તિ કેવો આકાર લે છે. નાયિકાના ચિતને ખડભડવી મૂકે છે. નવાંબા મનને આ બધુ હચમચાવી મૂકે છે. નવાંબા વિચારથી મુક્ત થવા નાવણિયામાં જાય છે ત્યાં એની નજર ભેસ પર પડે છે. ભેસનું

બદલાયેલું રૂપ જોઈને એને ઠંડા પાણીએ નહીં લેવાની ઇચ્છા થઈ આવી. નાયિકાને થાય છે કે ઘરડી ઘોડીને સબૂર ક્યાં લઈ જતો હશે ? શું કરતો હશે ? નાયિકના મનમાં કઈક અજુગતું ચાલે છે એટલે એ ઢડતી સાજે એ વાળામાં ગઈ. બીજી બાજુ બાપુ ગામને ગોંદારે આવેલા શિવ મંદિરમાં ગયા. એ પળે સબૂર કહેવા આવ્યો હતો કે ઘોડીને અઠવાડિયું પોતાના ઘરે બાંધીને બહારગામ જશે. ત્યાંરે નવાંબા કહે છે કે કોડિયું વાળીને જવા કહયું. અને એ તેની પછાળ ગઈ. નવાંબામાં અજીબ નશો હતો એ એના મોઢા પર દેખાતો હતો. નવાંબાના નશાને સબૂર પામી ગયો. એ કોડિયામાંથી ભાગી જવા માંગતો હતો ત્યારે નવાંબા એનો હાથ પકડીને પોતાની બાહોમાં ભીસી લીધો. સબૂરના છૂટવાનો પ્રયત્ન નિષ્ફળ રહયોને એ નવાંબામાં એકાકાર થઈ ગયો. રાત્રીએ બાપુ આવ્યા નવાંબાએ ચૂપચાપ રોટલા ગરમ આપ્યા. બાપુને જમાડીને નવાંબા મેડીએ ઊંઘી ગયા. સવારે જાગે છે ત્યારે રાત્રીનું સુખને વગોડે છે. બાપુ વાળામાં જુવે છે કે નવાંબા ની રાતીચોડ કાંચડી ઉંદરોએ કોચી નાખી હતી. અહી વાર્તાકાર સંકેતની પધ્ધતિ દ્વારા કહી આપે છે કે નવાંબાએ કઈક અજુગતું કર્યું છે. એટલેજ બાપુ  બૂમ પડે છે -

“ સબૂર “.

“ કાંચડી ઉતારીને જતો રહ્યો સાઆલો......” બાપુ પવનમાં ફરફરતી કાંચડી જોતાં રહ્યા. અહી બાપુનું ન સાંભળી  શકાય એવું દૂ:ખ જોઈ શકાય છે. એજ લેખકની સર્જકતાં છે.

અહી વાર્તાનો અંત આવે છે.

આ વાર્તામાં મુખ્ય ત્રણ પાત્રો છે. જેમાં વાર્તાનું કેન્દ્રિય પાત્ર નવાંબા છે. જેની આજુ બાજુ કથાનક ફરે છે. નવાંબા યુવા વયે લગ્ન કરીને બીજી પત્ની બનીને બાપુને ત્યાં આવી. અહી રાજપૂત સમાજની રીતિ રાજપૂત સમાજની દીકરીના દુ:ખનું નિમિત્ત બને છે. આ નાયિકાને યુવાવયે જીવનસુખથી વાંચી રહી. અને ચાર બાળકના ઉછેરની જવાબદારી સહર્ષ સ્વીકારી લીધી. એક અપાર માં સાચા અર્થમાં માં બનીને વાર્તામાં ઉભરાય છે. જીવનસુખથી વંચિત નવાંબા 45 વર્ષે પર પુરુષ પાસે જીવન સુખ માણે છે. અહી પણ લેખક કહેવા માંગે છે કે  નાયિકની કોઈ ભૂલ નથી અથવા તો એની ભૂલનો ખુલાસો આપીને આ બનાવને સહજ ને સામાન્ય બનાવીને મૂકે છે. લેખકને પણ કદાચ આજ બતાવવું છે કે જે થયું એમાં જવાબદાર કોણ ? નાયિકા કે એના સામે રચાયેલી પરિસ્થિતી.  બીજું પાત્ર નવાંબાનો પતિ છે. જે પુત્ર માટે લગ્ન તો કરે છે પણ પોતાને થયેલા લકવાને કારણે પત્નીને પતિ સુખ આપી શકતો નથી. પરિણામે બાપુ પુત્ર પામી શક્યો નથી. અને નવાંબા યુવાનીમાં જીવનરસથી વંચિત રહી. વાર્તાકારે કથાનકને કાર્યકારણના સંબંધે કથાને વેગ આપે છે. ત્રીજું પાત્ર છે સબૂર. વાર્તાકાર બાપુ નામ આપે છે. રાજપુતોમાં નામ હોય છે પણ લેખક નામને બદલે બાપુ નામ આપીને સમગ્ર રાજપૂત સાંજને તાકે છે.  જે બાપુના ઘોડાની દેખરેખ કરે છે અને અનિચ્છાએ પોતાની

માલકીન સાથે શારીરિક સંબંધ બાંધે છે. કથાનકની જરૂરી ઘટનાનો પ્રયોગ વાર્તાકાર કરે છે. લેખકનું જમાપાસું છે એમણે પ્રયોજેલી ભાષા અને સંકેતો.

## સંદર્ભ સૂચિ


I. રાતવાસો. લે. મણિલાલ પટેલ, આ. 1994,પ્ર.આર.આર.શેઠની કંપની,મુંબઈ.

II. ગુજરાતી વાર્તા સંચય ભાગ-૧. સંપાદક : શિરીષ પંચાલ, જયંત પારેખ.

III. "તથાપિ" - સામાયિક, વર્ષ-13 અંક-50 ડિસે.-2017-ફેબ.2018. સં. જયેશ ભોગયાતા.


*****************************************************************************************


**ડૉ. રાજેન્દ્ર રોહિત**
સહાયક અધ્યાપક
ડૉ.એપીજે અબ્દુલ કલામ સરકારી કોલેજ
સિલવાસા
દાદરા નગર હવેલી. યુ.ટી.


Copyright © 2012 - 2018 KCG. All Rights Reserved. | Powered By: Knowledge Consortium of Gujarat